# આરસી
# AARSI

વર્ષ-૪
અંક-૪
Year 2008-2009

## ગુજરાત ઝલક-ઝાંખી

A MIRROR OF THIS COLLEGE



## S.L.U.Arts and H. & P. Thakore Commerce College for Women

NAAC Accredited 'B'

(Managed by : Gujarat Stree Kelavani Mandal)
Nr. Ellisbridge Post Office, Ellisbridge, Ahmedabad-380 006
Tele-fax : +91-79-2657 6197
Website : slucollege.org; E-mail : slu_college@yahoo.com

## આચાર્યની કલમે...



કોઈ પણ કૉલેજની પ્રગતિ થાય, તેનું નામ ઉજ્જવળ બને, સમાજમાં તેના વિશે એક નિશ્ચિત હકારાત્મક અભિપ્રાય બંધાય તેનું ગૌરવ જેટલું તેની મૅનેજમેન્ટને કે કર્મચારીઓને હોય તેથી સવિશેષ તેના વિદ્યાર્થીઓને હોય છે. પૂર્વ વિદ્યાર્થિનીઓ જ્યારે હોંશે હોંશે બોલતી જણાય કે, 'હું પણ એસ. એલ. યુ.ની જ વિદ્યાર્થિની રહી ચૂકી છું' ત્યારે સમજાય કે કૉલેજે વિદ્યાર્થિનીઓને કંઈક મૂલ્યવાન આપ્યું છે અને તેની કૉલેજને સમાજ એક સન્માનપૂર્વક નજરે જુએ છે અને તેની કદર કરે છે.

એસ. એલ. યુ. કૉલેજ એક ઐતિહાસિક સંસ્થા છે. એસ. એલ. યુ.ના આદ્ય સ્થાપકોએ ૧૯૨૦માં ગુજરાતની બહેનોને ભણતી કરવાનું સ્વપ્ન જોયું હશે. એ સ્વપ્ન તો ક્યારનુંય સાકાર થઈ ગયું પણ ગુજરાતની ભૂમિ પર સ્ત્રીશિક્ષણના પાયામાં આ કૉલેજનું અભૂતપૂર્વ યોગદાન છે. ૨૦૦૯માં પ્રકાશિત થતું આ કૉલેજનું મેગેઝીન **'આરસી'** એ **'ગુજરાત'** પર વિશેષ પ્રકાશ પાડે છે, ત્યારે આ સંસ્થાનો ગુજરાતના શિક્ષણ જગતમાં જે ફાળો છે તે યાદ કરવો જરૂરી છે. (જુઓ : 'કૉલેજની વિકાસગાથા.....)

આ સંસ્થા હવે નવા યુગમાં નવા વિચારો, નવી દિશાઓ અને નવા પડકારો સાથે આગળ વધી રહી છે. 'આરસી'માં તેનું પ્રતિબિંબ આપ જોશો.

મને ચોક્કસ ખાતરી છે કે આગામી વર્ષોમાં કૉલેજ consolidation / ગઠનની પ્રક્રિયામાંથી growth / વૃદ્ધિ તરફ આગેકૂચ કરતી રહેશે.

વડીલોના આશીર્વાદ, સાથી કાર્યકરોની હૂંફ અને વિદ્યાર્થિનીઓના જોમથી કાર્યસિદ્ધિ તરફનો આ માર્ગ આનંદ અને ઉત્સાહભર્યો રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું.

**સિરાલી નિ. મહેતા**




Current Trends in Social Science Research વિષયક યોજાયેલ
Faculty Development Programmeના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત ગુજરાત યુનિવર્સિટીના
કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી તથા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના હોદ્દેદારો




U.G.C. દ્વારા અનુદાનિત, સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત Female Foeticide વિષયક
Regional Level Seminarના ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરતાં શ્રી વસુબહેન